જસ્ટિસ કુરેશીની બદલીના વિરોધમાં આજથી વકીલોની હડતાળ

હાઇકોર્ટના જસ્ટિસ અકીલ કુરેશીની મુંબઈની હાઇકોર્ટમાં બદલી કરવામાં આવતાં એસોસિએશનનો જોરદાર વિરોધ

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ અકીલ કુરેશીની બોમ્બે હાઈકોર્ટમાં બદલી કરવામાં આવતાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટેસ્ એસોસીએશન દ્વારા આજે તેનો વિરોધ કરવામાં આવ્યો હતો અને જસ્ટિસ અકીલ કુરેશની બદલીના વિરોધમાં હડતાળનું એલાન કરવામાં આવ્યું હતું. એસોસીએશન તરફથી આ અંગેનો વિરોધદર્શક ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ અકીલ એ. કુરેશીની બોમ્બે હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા માટે સુપ્રીમ કોર્ટના કોલેજીયમે રાષ્ટ્રપતિને ભલામણ કરી છે. સુપ્રીમના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ મદન લોકુર, જસ્ટિસ કુરિયન જોસેફ, જસ્ટિસ એ.કે. સિક્રી અને જસ્ટિસ એસ.એ. બોબડે દ્વારા આ ભલામણ કરવામાં આવી છે.

ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂક, લઘુમતિ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ, ઓડ ગામના રમખાણનો કેસ અને રાઈટ ટુ એજ્યુકેશ હેઠળ જરૂરિયાતમંદ બાળકોને પ્રવેશ સહિતના કેસોમાં જસ્ટિસ એ.કે. કુરેશીએ અગત્યના ચુકાદાઓ આપ્યા હતા. ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ અકીલ કુરેશીને તા.૭ માર્ચ, ૨૦૦૪ના રોજ એડિશનલ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તા.૧૨ ઓગસ્ટ, ૨૦૦૫ના રોજ તેમની નિયુક્તિ કાયમી જજ તરીકે કરવામાં આવી હતી. તેમની નિવૃત્તિની તારીખ ૬ માર્ચ, ૨૦૨૨ છે, ત્યારે તેમને બોમ્બે હાઈકોર્ટમાં અચાનક ટ્રાન્સફર અપાતાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસીએશન દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવાયો છે. હાઈકોર્ટ એડવોકેટસ એસોસીએશન દ્વારા આ મામલે વિરોધદર્શક ઠરાવ પસાર કરી આવતીકાલથી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે અને કામકાજથી અળગા રહેવા હાઈકોર્ટના વકીલોને અનુરોધ કરાયો છે.

અંબાજી નજીક એસટી બસનો અકસ્માત, બસ પહાડ સાથે અથડાઈ, ૭ મુસાફરોનો બચાવ

અંબાજી નજીક ત્રિશૂળીયા ઘાટી પર એસટી બસને નડ્યો અકસ્માત. ઘાટીથી ઉતરતી અંબાજી પાલનપુર એસટી બસને નડ્યો અકસ્માત. એસટી બસની બ્રેક ફેઈલ થઈ જતા બસ ડુંગરની શીલા સાથે અથડાઈ હતી. બસમાં સવાર ૭ યાત્રિકોનો ચમત્કારિક બચાવ થયો હતો. ડ્રાઈવરે બસને કાબુમાં કરી લોકોની જાન બચાવી હતી.

આજે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે એમ. આર. શાહની શપથવિધિ યોજાશે

અમદાવાદ, તા.૧

સુપ્રીમકોર્ટની કોલેજીયમ દ્વારા મૂળ ગુજરાતી અને અમદાવાદના એવા ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ અને પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એમ.આર.શાહ, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી આર.સુભાષ રેડ્ડી, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી હેમંત ગુપ્તા અને ત્રિપુરા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અજય રસ્તોગીની સુપ્રીમકોર્ટના જજ તરીકે બહુ મહત્વની ભલામણ કરાયા બાદ આજે મોડી સાંજે આ તમામ ચાર ચીફ જસ્ટિસના સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકેના સત્તાવાર વોરંટ આવી ગયા હતા અને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સત્તાવાર રીતે ઉપરોકત ચારેય મહાનુભાવોની સુપ્રીમકોર્ટના જસ્ટિસ તરીકે વિધિવત્ અને અધિકૃત નિયુકિત કરવામાં આવી હતી. હવે આવતીકાલે તા.૨જી નવેમ્બર, શુક્રવારના રોજ આપણા ગુજરાતના સૌથી લોકપ્રિય અને અમદાવાદના એવા વરિષ્ઠ ન્યાયમૂર્તિ એમ.આર.શાહ ઉપરાંત આર.સુભાષ રેડ્ડી, હેમંત ગુપ્તા અને અજય રસ્તોગીનો ભવ્ય શપથવિધિ સમારોહ સુપ્રીમકોર્ટ ખાતે યોજાશે. જેમાં તેઓ હોદ્દા અને ગુપ્તતાના શપથ ગ્રહણ કરશે. ગુજરાત રાજય માટે એક બહુ ગૌરવપૂર્ણ ઘટના હશે. આપણા ગુજરાતી અને મૂળ અમદાવાદના એવા પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી એમ.આર.શાહની સુપ્રીકોર્ટના જસ્ટિસ તરીકે નિયુકિત થતાં ગુજરાતના ન્યાયતંત્ર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. કારણ કે, ગુજરાતના ન્યાયતંત્ર માટે આ બહુ મોટી અને ગૌરવપૂર્ણ ઘટના છે. બે મહિના પહેલાં શહેરમાં બિસ્માર રસ્તાઓ, આડેધડ પાર્કિંગ અને રખડતા ઢોરોની સમસ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી એમ.આર.શાહે અમ્યુકો, પોલીસ તંત્ર સહિતના સત્તાધીશોને કરેલા અસરકારક નિર્દેશોનું જ પરિણામ છે કે, હાલ અમદાવાદ અને રાજયના મોટા શહેરોમાં ટ્રાફિક નિયમન, આડેધડ પાર્કિંગ, ગેરકાયદે બાંધકામો-દબાણો દૂર કરવા અંગે અસરકારક ડ્રાઈવ ચાલી રહી છે. જસ્ટિસ એમ.આર.શાહના બાહોશીભર્યા અંદાજ અને જ્ઞાનસભર તેમ જ અભ્યાસુ ચુકાદાઓને લઈને માત્ર ગુજરાત જ નહી પરંતુ સમગ્ર દેશના ન્યાયતંત્રમાં તેમણે એક અનોખુ ઉદાહરણ અને પ્રેરણા પૂરા પાડયા હતા.

ગુજરાતના ન્યાયતંત્રમાં જસ્ટિસ શ્રી એમ.આર.શાહે સોનેરી ઈતિહાસ રચી તેમની છબી યાદગાર બનાવી દીધી છે. ગુજરાતભરના લોકોમાં આટલી બધી લોકપ્રિયતા અને અદ્ભુત લોકચાહના મેળવનાર તેઓ એકમાત્ર જજ છે. અમદાવાદ શહેરમાં રખડતા ઢોરોની સમસ્યા હોય કે બિસ્માર રસ્તાઓની વાત, સાદીક જમાલ એન્કાઉન્ટર કેસ હોય કે, પછી પ્રજાજનોના આરોગ્ય અને પ્રાથમિક બુનિયાદી સુવિધાઓની વાત હોય.

હું ભાજપમાં છું, મારા સ્વભાવ મુજબ પક્ષને અરીસો બતાવું છું

પાટીદારોને અનામત આપવા મામલે સરકારે પાટીદારો સાથે વાતચીત કરવી જોઇએ : પાર્ટીના નેતા સિંહાનો મત

અમદાવાદ, તા.૧

ગઈકાલે જૂનાગઢ નજીકના વંથલી ગામે આવેલ મેંગો માર્કેટ ખાતે ખેડૂત સત્યાગ્રહ નામે હાર્દિક પટેલની સભા યોજાઈ હતી. જેમાં યશવંતસિંહા અને ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહા પણ ખાસ હાજર રહ્યા હતા. આજે હાર્દિક પટેલ અને શત્રુઘ્નસિંહાની રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ભાજપના દિગ્ગજ નેતા શત્રુઘ્નસિંહાએ જણાવ્યું હતું કે, હજુ સુધી હું ભાજપમાં જ છું, મને પક્ષે બહાર કર્યો નથી. આગામી સમયમાં તે જોવાનું રહેશે, પરંતુ પાટીદારોને અનામત આપવાના મુદ્દે સરકારે પાટીદારો સાથે વાતચીત કરવી જોઈએ.

સિંહાએ ઉમેર્યું કે, ગઈકાલે અમારા કાર્યક્રમમાં પણ સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. અને દાવા સાથે કહું છું કે, વડાપ્રધાનના કાર્યક્રમ કરતા અમારો કાર્યક્રમ દસગણો મોટો રહ્યો હતો. પરંતુ આ કાર્યક્રમને તેમના કાર્યક્રમની સરખામણીએ દસમા ભાગનું કવરેજ મળ્યું હતું. લોકસભા-૨૦૧૯ની ચૂંટણી વિશે તેમણે જણાવ્યું હતું કે, હું ભાજપમાં જ છું અને મારા સ્વભાવ મુજબ પક્ષને અરીસો બતાવું છું. હાલ યુવાઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકશાહીમાં વિરોધીઓને દુશ્મન નહીં પણ પોતાના સમજીને તેની સાથે અન ચર્ચા-વિચારણા કરવી જોઈએ. પાટીદારોને અનામત મામલે તેમણે કહ્યું હતું કે, પાટીદાર સમાજ આમ તો ખૂબ સુખી-સંપન્ન છે.

પરંતુ આ સમાજના મોટાભાગના લોકોની હાલત ખૂબ જ ખરાબ છે. સુપ્રીમ કોર્ટની અવગણના કરીને અનામત આપવી શક્ય નથી. પરંતુ તેમની મુશ્કેલીઓ અને રજૂઆતોને સાંભળી તેને દૂર કરવાના પ્રયાસો સરકારે જરૂર કરવા જોઈએ. સરકાર પર કટાક્ષ કરતા તેમણે જણાવ્યું હતું કે, દીવો બુઝાયા પહેલા વધુ પ્રકાશ ફેંકે છે. હાર્દિક પટેલ સમાજના અને ખેડૂતોના હિતમાં ખૂબ સારૂ કામ કરતો હોવાનું જણાવી તેમણે ગઈકાલે યોજાયેલા કાર્યક્રમના બે મોઢે વખાણ કર્યા હતા.

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના જુના ટ્રસ્ટીઓ હટાવાયા, નવા નિમાયા

હિંમતનગરની જાણીતી સંસ્થા માટે ચેરીટી કમિશનર દ્વારા હુકમ કરાયો, જેને ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટે પણ ગ્રાહ્ય રાખ્યો

હિંમતનગર, તા. ૧

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના ટ્રસ્ટીઓની મુદત પુરી થતાં હિંમતનગર ચેરીટી કમિશનર દ્વારા નવા ટ્રસ્ટીઓના નામ દાખલ કરી જૂના ટ્રસ્ટીઓના નામ રદ બાતલ કરવામાં આવ્યા છે.

શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળ, હિંમતનગર, જિ. સાબરકાંઠાના પીટીઆર ઉપર નોંધાયેલા ટ્રસ્ટીઓની મુદત પૂરી થતા તેઓના નામ ટ્રસ્ટી તરીકે કમી કરવા ચેરીટી કમિશનરશ્રી, હિંમતનગરની કચેરીમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીના અનુસંધાને તા. ૨૫-૯-૧૮ના રોજ ફેરફાર રીપોર્ટ મંજૂર કર્યો હતો. જે હુકમ અનુસાર આ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી, ચંદ્રીકાબેન શનાભાઈ વાઘેલા, કાન્તિભાઈ કચરાભાઈ વાઘેલા, જયંતિભાઈ લલ્લુભાઈ વાઘેલા અને પોપટભાઈ તીતાભાઈ વાઘેલાના નામો કમી કરવામાં આવ્યા છે. આ ફેરફાર બાબતે દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી અને સન્યોએ વાંધા રજૂ કર્યા હતા.

આ ઉપરાંત ટ્રસ્ટના પ્રરુખ બાલુભાઈ ફતાજી વાઘેલાએ પીટીઆર ઉપર નોંધાયેલા ટ્રસ્ટીઓને ટ્રસ્ટીપદેથી દૂર કરવા ડીસ્ટ્રીક્ટ જજ, હિંમતનગર સમક્ષ દાવો દાખલ કરવાની મંજૂરી માટે ચેરીટી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ સમક્ષ રજૂઆત કરી હતી. જે બાબતે મંજૂરી બાદ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ હિંમતનગરે તા. ૩૦-૧૦-૧૮ના રોજ ચુકાદો જાહેર કરીને શ્રી વિમુક્ત જાતિ કલ્યાણ મંડળના ટ્રસ્ટી પદેથી દિલીપભાઈ મનસુખભાઈ ચૌધરી, ચંદ્રીકાબેન શનાભાઈ વાઘેલા, કાન્તિભાઈ કચરાભાઈ વાઘેલા, જયંતિભાઈ લલ્લુભાઈ વાઘેલા અને પોપટભાઈ તીતાભાઈ વાઘેલાને ટ્રસ્ટીપદેથી દૂર કરવા હૂકમ કર્યો છે. આ ઈસમો હવે ટ્રસ્ટના ટ્રસ્ટીપદેથી કાયદેસર રીતે ચાલુ રહેતા ન હોઈ તેઓ ટ્રસ્ટ વતી કોઈ કામગીરી કરી શકશે નહી. દાવો મંજૂર રાખવા બદલ સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ જજશ્રી તથા મદદનીશ ચેરીટી કમિશનરશ્રી, હિંમતનગર તથા વકીલ એમ.આર. સોલંકી અને એમ.પી. ઠાકુરનો સંસ્થા વતી આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

હિંમતનગરની આરોગ્યના ધામ સમી મેડીકલ કોલેજ ગંદકીના ધામમાં ફેરવાઈ

કોલેજ પરિસર અને રહેઠાણ વિસ્તારમાં ગંદા પાણીના ખાબોચીયા ભરાયા

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના સહકારી જીન વિસ્તાર નજીક આવેલ સરકારી મેડીકલ કોલેજ જિલ્લાની પ્રજા માટે આરોગ્ય ધામ તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. ત્યારે કેટલાંક સમયથી સત્તાવાળાઓની અણઆવડતને લીધે મેડીકલ કોલેજ તથા ક્વાટર્સની આસપાસ ગંદા પાણીના ખાબોચીયા ભરાઈ રહેતા આરોગ્ય ધામ ગંદકીના ધામમાં ફેરવાઈ ગયુ છે અને સ્વસ્થ ગુજરાતના સુત્રના લીરેલીરા ઉડી રહ્યા છે.

વાત જાણે એમ છે કે હિંમતનગરમાં સાબરકાંઠા જિલ્લાની પ્રજા માટે કરોડો રૂપિયાના ખર્ચે અદ્યતન મેડીકલ કોલેજ સરકાર દ્વારા બનાવવામાં આવી છે. અહીં રોજબરોજ સાબરકાંઠા જિલ્લાના અનેક જરૂરીયાતમંદ લોકો સારવાર માટે આવે છે પરંતુ કોલેજના સત્તાવાળાઓની બેકાળજીને લીધે ગટરો ઉભરાઈ રહી છે. જેના કારણે આખા કોલેજ પરીસર અને આસપાસનો વિસ્તારને માખી મચ્છરોએ ભરડો લીધો છે.

એટલું જ નહી પણ મેડીકલ કોલેજ તેમજ હોસ્પિટલના સ્ટાફ ક્વાટર્સમાં આવેલ ગટરોની નિયમીત રીતે સફાઈ ન થવાને કારણે તે ઉભરાઈ રહી છે. અને તેનું ગંદુ પાણી મેડીકલ કોલેજના પરીસરમાં રેલાઈ રહ્યું હોવાને કારણે અહીં આવતા લોકો આરોગ્ય ધામને ગંદકીના ધામ તરીકે ઓળખીને સત્તાવાળાઓની બેદરકારી પર રોષ ઠાલવી રહ્યા છે.

કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ મેડીકલ કોલેજમાં કોલેજ સત્તાવાળાઓની બેદરકારીને લીધે અહીં આવતા લોકોને ગંદા પાણીમાં થઈને પસાર થવુ પડે છે. જે અંગે સારવાર લેવા આવતા અનેક દર્દીઓએ રજુઆતો કરી હોવા છતાં સત્તાવાળાઓના બહેરા કાન સુધી સંભળાતી નથી તેથી તેમની સામે પણ સરકારે પગલા લેવાની જરૂર છે. જો આરોગ્યના ધામ સમી સરકારી હોસ્પિટલમાં ગંદકીનું સામ્રાજ્ય દુર નહીં થાય તો સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાતનુ સુત્ર ક્યારેય સાર્થક થાય તેમ લાગતુ નથી.

બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન- સારવાર કેમ્પ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતાં ૨૦ ગામોના લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના બાલીસણા ખાતે આવેલ પ્રકાશ હાઈસ્કુલ ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં બાલીસણા ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૫૧૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૪૬ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું, જયારે ૬૧ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

માલપુર લેઉઆ પટેલ સમાજ વિકાસ મંડળ, માલપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર અને કૃષ્ણ હેલ્થ કેર મોડાણા સાહિયોગથી મફત નિદાન કેમ્પ યોજાયો હતો. હેલ્થ નિદાન કેમ્પ યોજાયો જેમાં હૃદય અને બ્લડ પ્રેસર રોગથી પીડાતા દર્દીઓનું ડો. રશ્મિક પંડ્યા, ડો. સિદ્ધાર્થ મેવાણી અને સ્ત્રી રોગના નિષ્ણાત ભાર્ગવ પટેલે હૃદયરોગના ૭૧, ગાયનેક ૯, કિડની ૧૭ સહિત બ્લડ ચેકિંગ ૩૦ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી.

માલપુરના હેલોદર ગામે વહીવટીતંત્રનું રાત્રી રોકણ

અરવલ્લીના માલપુર તાલુકાના હેલોદર ગામે ડો. કલેકટર અને સંકલન અધિકારીઓનો રાત્રી રોકાણ કાર્યક્રમ હેલોદર ગામની પ્રાથમિક શાળા ખાતે રાખવામા આવેલ જેમાં બાયડ પ્રાંત અધિકારી ડો.નવનાથ, જિલ્લા શિક્ષણ અધિકારી એ.પી ઝાલા, પાણી પુરવઠા અધિક્ષક પી.પી નાઈ માલપુર મામલતદાર, ટીડીઓ, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, માલપુર તાલુકા પંચાયતના પ્રમુખ રીટાબેન મનુભાઈ પટેલ અને સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.૧૦૦૦થી વધુ ગામ લોકો કાર્યક્રમમાં જોડાયા હતા. લોકોએ વિવિધ પ્રશ્નો રજુ કર્યા હતા. પ્રશ્નોનુ નિરાકરણ લાવવા કલેકટરએ સંબધિત અધિકારીઓને સૂચન કર્યું તેમજ ટ્રેકટર સહાયના લાભાર્થીઓને ૪૫,૦૦૦ રૂપિયાની સહાયના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું તેમજ તેમણે ઉપસ્થિત ગ્રામજનોને શિક્ષણ જાગૃતિ, કુપોષી બાળકોના પોષણ તથા આધુનિક ખેતીથી ગામના વિકાસ માટે માર્ગદર્શન પુરુ પાડ્યુ.

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સરદાર પટેલ જન્મજયંતિ અને ઈન્દીરા ગાંધી પુણ્યતિથિની ઉજવણી

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને કોંગ્રેસના સેવાદળ દ્વારા મોડાસા ચાર રસ્તા અને પ્રાથમિક શાળા ખાતે લોખંડી મહાપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નીમીત્તે મોડાસા ચારરસ્તા ખાતે સ્વાઈન ફલુ અને ડેન્ગ્યુ જેવી મહામારી બીમારી સામે પ્રજાજનોની રોગ પ્રતિકારક શકિત કેળવાય તે માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવતા મોટી સંખ્યામાં પ્રજાજનો અને શહેરીજનોએ લાભ લીધો હતો. મોડાસા પ્રાથમિક શાળામાં રકતદાન શિબિરનું આયોજન કરી લોકઉપયોગી કાર્યકમો થકી દેશની બંને મહાન વિભૂતિઓના ત્યાગ અને બલિદાનને શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમાં મોટીસંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ, મહિલાઓ અને સેવાદળના સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા.

પોખરા કાશીમાં માનવ પુરોહિતની સિદ્ધિ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાની મોડાસા તાલુકાના શ્રી કૃષ્ણાશ્રમમાં

વૈદિક પાઠ શાળાના વધુ એક છાત્રએ પોખરા કાશીમાં વધુ એક સિદ્ધિ હાંસલ કરીને ગામનું અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ પાઠશાળાના છાત્ર પુરોહિત માનવ દક્ષિણામૂર્તિ મઠ, પોખરા કાશીમાં શુક્લ યજુર્વેદ માધ્યાન્દીની સંહિતા સંપૂર્ણામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આશ્રમના અગ્નિહોત્રી પૂ. આત્રેયભાઈ અને આચાર્યે તેને અભિનંદન પાઠવ્યા હતા.

મોરચો માંડવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકેની છે. આજે બેઠક બાદ નાયડુએ કહ્યું હતું કે, આ મુલાકાતોનો હેતુ દેશને બચાવવાનો છે. મહા બેઠક બાદ ચંદ્રબાબુએ ફારુક અબ્દુલ્લા અને શરદ પવાર સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, નાયડુએ સૂચન કર્યું છે કે, તમામ પક્ષોને સાથે મળીને લડવાની જરૂર છે. આજની આ મુલાકાતનો ઉદ્દેશ્ય એજ રહ્યો હતો. અમારુ મિશન દેશ અને લોકશાહીને બચાવવા માટેનું રહ્યું છે. સીબીઆઈ સંકટનો ઉલ્લેખ કરતા ફારુકે કહ્યું હતું કે, દેશના હાલના સમયે મુશ્કેલ સ્થિતિમાં છે. લોકશાહી ખતરામાં છે. આજ કારણસર આજે અમે મળ્યા છે. કોમન મિનિમમ પ્રોગ્રામની વાત કરી હતી. નાયડુએ શરદ પવારને દેશના મોટા નેતા તરીકે ગણાવીને પોતાને નાના નેતા તરીકે ગણાવ્યા હતા.

લોકશાહી અને તપાસ સંસ્થાઓની સ્થિતિ સારી દેખાઈ રહી નથી. બીજા નેતાઓ સાથે પણ વાતચીત થઈ છે. નાયડુએ કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે પણ વાતચીત થઈ છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપનો સામનો કરવા માટે તમામ પક્ષોને એક સાથે લાવવામાં આવે તે જરૂરી છે. ભાજપના સાથી રહી ચુકેલા નાયડુએ આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો ન મળવાથી નારાજ થઈને આ વર્ષની શરૂઆતમાં એનડીએ સાથે છેડો ફાડી દીધો હતો. ૨૭મી ઓક્ટોબરના દિવસે નાયડુએ દિલ્હીમાં બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને ફારુક સાથે બેઠક યોજી હતી. રાજકીય ઘટનાક્રમનો દોર જોરદારરીતે ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં તમામ ક્ષેત્રિય પક્ષો પોતપોતની મહત્વકાંક્ષાઓ સાથે રણનીતિ બનાવવામાં લાગેલા છે. આવી સ્થિતિમાં નાયડુ પોતે પણ ભાજપ વિરોધી મોરચાને લઈને સક્રિય છે. માયાવતી અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પણ જુદા જુદા મોરચાને લઈને આગળ વધી રહ્યા છે.

પ્રભારીઓની ચાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદારી સોપવામાં આવી છે. આઈ બી વાઘેલા જિલ્લા ભાજપના સહમંત્રી તરીકેનો પણ હોદો ધરાવે છે. જિલ્લાની પાંચ બેઠકની વાત કરીએ તો લોકસભાની ચુંટણી માટે ગાંધીનગર બેઠકમાં ગાંધીનગર ઉત્તર અને કલોલ જયારે ગાંધીનગર દક્ષિણ અને દહેગામ અમદાવાદ પુર્વની બેઠકના વિસ્તામાં સમાવેશ થાય છે. જયારે માણસા મત વિસ્તાર મહેસાણાની બેઠકમાં સમાવિષ્ટ છે. જયારે આ મુજબ અમદાવાદ પુર્વની બેઠકને અનુલક્ષીને ડો જીવરાજભાઈ કે ચૌહાણને પ્રભારી તરીકે અને ઈન્ચાર્જ તરીકે વલ્લભભાઈ કાકડીયા તેમજ સહઈન્ચાર્જ તરીકે પુર્વ જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગુલાબસિંહ ઝાલાનો સમાવેશ કરાયો છે. મહેસાણાની બેઠકને અનુલક્ષી જગદીશભાઈ પટેલને પ્રભારી તરીકે નિમણુંક આપવામાં આવી છે. ઈન્ચાર્જ તરીકે રજનીભાઈ પટેલ અને સહ ઈન્ચાર્જ તરીકે નટુજી હલાજી ઠાકોર ને મુકાયા છે. જો કે આ યાદીમાં નગરના સ્થાનિક એક પણ ભાજપના નેતાઓને પ્રભારી તરીકે સ્થાન અપાયુ નથી.લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપે બેઠક મુજબ પ્રભારીઓની યાદી જાહેર કરતા રાજકીય માહોલ ગરમાયો છે.

ભારે મતદાનથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારથી જ લાઈન લગાવી મતદારોએ મતદાન માટે ભારે ઉત્સાહ દાખવ્યો હતો. જો કે ખેડૂત વર્ગની ચૂંટણીમાં સદ્ભાવના પેનલનો દબદબો રહેશે જયારે વેપારી વર્ગની ચૂંટણીમાં રસાકસીના સંકેતો ચૂંટણી નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહ્યા છે.

બન્ને પેનલોએ વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બન્ને પેનલોએ સમર્થકોના ભોજન અને આવવા જવા માટે મતદારોના વાહનની વ્યવસ્થાઓ કરી હતી. સદ્ભાવના પેનલમાં અને પ્રગતિ પેનલમાં ઉમેદવારો દ્વારા છેલ્લી ઘડી સુધી પ્રચારને ચાલુ રાખ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ખેડૂત વર્ગમાં ૪૩૪ જેટલા મતદારોએ મતદાન કર્યુ હતુ જે આ ચૂંટણી જંગમાં મતદારોએ દાખવેલી જાગૃતિનું પરિણામ દર્શાવે છે.

વાનરોનો આતંક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નુકશાન પહોંચાડતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આવા સંજોગોમાં સ્થાનિકોમાં વાંદરાઓની આ વિચિત્ર હરકતથી ભયનો માહોલ ફેલાયો છે. શહેર નજીક સ્થિત વાવોલમાં પણ આજે વાનર ટોળકીએ આતંક મચાવ્યો હતો. વાનર ટોળકી વાવોલની સાલ્વીક હોમ સોસાયટીમાં ઘુસી હતી. જયારે આ દરમિયાન બપોરે સોસાયટીમાં ઉછળકુદ કરતા વાંદરાઓએ સ્થાનિક રહીશોને ભારે દોડધામ કરાવી દીધી હતી. તોફાની વાનરોએ એક સફાઈ કામદાર સહીત ત્રણ વ્યકિતને ઈજા પહોંચાડી હતી. જયારે આ પૈકી એક વ્યકિતને હાથના ભાગે નસ પર ગંભીર ઈજા થતા ગાંધીનગરથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાની નોબત આવી હતી. જયારે અન્ય વ્યકિતઓને પણ ઈજા થવા પામી હતી. આખરે સોસાયટીના રહીશોએ દારુખાનુ ફોડીને વાનર ટોળકીને ભગાડીને ત્રાસમાંથી મુક્તિ મેળવી હતી. બીજીતરફ સેકટરોમાં પણ વાંદરાઓનો આંતક વધતા મહીલાઓ અને બાળકોમાં ભય પ્રવર્તયો છે.